## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



કોરોના વખતે આપણે ધાબાપાર્ટી કરતા હતા અને આપણને ડ્રોનથી પકડતા હતા... એ ડ્રોન આ રોડનાં ખાડા ચેક કરવા વાપરતા હોત તો આપણે આમ ગ્રોથૃ ન ખાઇ જાત...!!

# ખ-૩ પાસે ઢોર પકડ પાર્ટીએ પકડેલી ગાયને મહિલા છોડાવી લઈ ગઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં પણ હવે રખડતા ઢોર મુદ્દે મનપા તંત્ર હરકતમાં આવ્યું છે. તાજેતરમાં ઢોર પકડ પાર્ટીના બે કરાર આધારીત કર્મચારીઓ રૂ.૧૫ હજાર લેતા એસીબીના હાથે ઝડપાયા છે. જેથી ઢોર પકડ પાર્ટીના તંત્રની મિલીભગત સામે આવી છે. ત્યારે મનપા વિસ્તારમાં રખડતા ઢોર પાંજરે પુરવા તંત્રના કર્મચારીઓએ કામગીરી વધુ વેગવંતી બનાવી છે. શહેરના ખ-૩ સર્કલ પાસે ઢોર પકડ પાર્ટી રખડતા પશુઓને પકડી રહી હતી. તે સમયે કર્મચારીઓએ એક ગાયને પકડી પાડી હતી. જેથી એક મહિલા દાંતરડુ લઈને ધસી આવીને બોલાચાલી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી દોરડુ કાંપી ગાયને છોડાવી ગઈ હતી. ગાય અચાનક છુટીને એસઆરપી જવાનની પાછળ દોડતા ભાગદોડ મચી ગઈ હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના ખ-૩ સર્કલ પાસે માર્ગ પર અંડીગો જમાવી બેઠેલા રખડતા પશુઓને પકડવા માટે મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટી પહોંચી હતી. પાર્ટીના કર્મચારીઓએ એક ગાયને પાંજરે પુરવા માટે પકડી પાડી હતી. તે સમયે એક મહિલા અને શખ્સ આવી પહોંચ્યા હતા અને ટીમ પર હુમલો કર્યો હતો. પોતાની ગાય પકડાઈ હોવાથી મહિલા હાથમાં દાંતરડુ લઈને આવી હતી. મહિલાએ ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ સામે જઈ દાંતરડુ બતાવી ડરાવી ધમકાવી બાંધેલી ગાયનું દોરડુ કાંપી નાંખ્યું હતું. દોરડુ કાંપવા માટે જતા ઢોર પાર્ટીના કર્મચારીઓ વચ્ચે પડી રહ્યા છે તેમ છતા મહિલાએ ગાયનું દોરડુ કાંપી નાંખી ગાયને છોડાવી હતી. જયારે સાથે રહેલા શખ્સને સમજાવવા છતા ન સમજતા તંત્રએ બળ પ્રયોગ કર્યો હતો. જયારે મનપા તંત્ર દ્વારા મહિલા અને શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે તજવીજ ચાલી રહી છે.



## ખૂણેખાંચરેથી

- વડાપ્રધાન મોદીના આગમન પછી આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પણ આવી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે તાપમાનનો પારો ઘટ્યા પછી પણ આકરી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો.
- ગાંધીનગર જિલ્લાના ઘણા બધા ગામોના તળાવમાં નવા પાણીની આવક ઓછી થઈ હોવાનું જાણવા મળેલ છે.
- રાજ્ય સરકારે ૧૩ જિલ્લા રજીસ્ટ્રારોને સંયુક્ત રજીસ્ટ્રાર તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાના કેસો વધી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૧૪૨૬ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૫૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- સોમવારે પ્રદેશ પંચાયત પરિસદની કારોબારી બેઠક પંચાયત પરિસદમાં મળશે.
- ગાંધીનગર મેડીકલ કોલેજના હોલમાં યોજાયેલ બાળકવિ સંમેલન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતુ. કૃષ્ણ દવે, ગોસ્વામી તેમજ મનોહરદાદાએ બાળ કાવ્યો રજુ કરી ઉપસ્થિતિના મન મોહી લીધા હતા.
- આગામી ૧લી સપ્ટેમ્બરથી પોષણ માસની ઉજવણી માટે તંત્રએ આયોજનની તૈયારીઓ શરૂ કરી છે.
- નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ કો.ઓ. મેનેજમેન્ટની મોરેશિયસના સહકારી ડેલીગેશને મુલાકાત લીધી હતી.

# ઝુંડાલમાંથી બાજી માંડીને બેઠેલા ૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૨૭

અડાલજ વિસ્તારના ઝુંડાલ ગામની સીમમાંથી બાજી માંડીને



બેઠેલા આઠ જુગારીઓને એલસીબી-૨ પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૩૭,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જુગારધામ પર પોલીસ ત્રાટકતા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે એએસઆઈ જગતસિંહ વિહાજીને ખાનગી રાહે બાતમી મળી હતી કે ઝુંડાલ ગામે દિપામાતાના મંદિર નજીક આવેલી જાહેર જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર જઈ રેઈડ પાડી જુગાર રમી રહેલા ૮ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે જુગાર રમવાના સાહિત્ય તેમજ રોકડ રૂ.૩૭,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા તમામ શકુનીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઝુંડાલ થી પકડાયેલા જુગારીઓના નામ

- નરેન્દ્રભાઈ નાથાભાઈ વિસાવાડીયા (ઉં.૫૭, રહે, અમિયાપુર ગાંધીનગર)
- ઈશ્વરસિંહ હરીસિંહ વાઘેલા (ઉં.૪૫ રહેવાસી- રાંધેજા ગામ પાણીની ટાંકી પાસે ગાંધીનગર)
- વિનુજી ભેમાજી ઠાકોર (ઉં.૪૬, ઓમકાર બંગ્લોઝની બાજુમાં રાયસણ ગામ)
- અરવિંદજી ઉર્ફે રાજુ ગાભાજી ઠાકોર (ઉં.૩૮ રહે.રામાપીરનો વાસ અમિયાપુર)
- દિનેશજી ભેમાજી ઠાકોર (ઉં.૪૧, રહે. ઓમકાર બંગ્લોઝની બાજુમાં રાયસર ગામ)
- અરવિંદજી બળવંતજી ઠાકોર (ઉ.૨૩ રતનપુર ગામખોડીયાર નગર ગાંધીનગર)

અરવિંદજી બળવંતજી ઠાકોર (રહે.બોળીયા તળાવ પાસે કોબાગામ) નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ.૧૯,૧૦૦ અને મોબાઈલ ફોન નંગ-૮, કિં.રૂ.૧૮,૫૦૦ તેમજ તમામ મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સેકટર-૮માં પ્રવેશતા જ મીલર-મીક્ષર પલટ્યું





ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૮ માં પ્રવેશતા જ સાંજના સુમારે એક ટ્રકનું ટાયર ભુવામાં ફસાતા ટ્રક આડો પડી ગયો હતો. જો કે ટ્રક ડ્રાઈવર એડ્રેસ પુછી રહ્યો હતો તે સમયે ઘટના બની હતી.તેની નજર સામે જ અચાનક ટ્રકના પૈડા જમીનમાં ધસી જતા ટ્રક આડો પડી ગયો હતો. જો કે ટ્રક પડતા જ નગરજનો મોટીસંખ્યામાં એકઠા થયા હતા.જો કે ટ્રકને સીધો કરવા માટે ત્રણ ક્રેઈન બોલાવવી પડી હતી. પાટનગરની ઓળખ ભુવા નગરી તરીકે બની જાય તો નવાઈ નહી, શહેરમાં ગમે ત્યાં ગાડી ગરકાવ થઈ જાય તેટલી મોટીસંખ્યામાં રોડ વચાળે ભુવા પડી રહ્યા છે. તાજેતરમાં સેકટર-૭ માં વળાંક પાસે, ચ-૦ ઈન્ફોસીટી પાસે, ખ-૭, પાસે મસમોટા ભુવા પડ્યા હતા. ત્યારે હવે વીવીઆઈપી સેકટરના પ્રવેશદ્વાર પર ભુવો પડતા સૌ કોઈ ચોંકી ઉઠ્યા છે. ત્યારે શહેરમાં ગાડી લઈને માર્ગ પર ઉભા રહેવું પણ ઝોખમી સાબિત થઈ શકે છે. ચોમાસાની સિઝનમાં ગાંધીનગરના સેકટરોના અને ન્યું ગાંધીનગરના રસ્તા પાણીમાં ગરકાવ થતા જ ઠેરઠેર ખાડા પડી ગયા છે. તેવી સ્થિતિમાં હવે ભુવા પડતા નગરજનો પણ ચિંતિત જોવા મળી રહ્યા છે.તેમ છતા તંત્રના પેટનુ પાણી હલતુ નથી. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૮ના પ્રવેશ દ્વારા પર સાંજના પાંચ વાગ્યાના અરસામાં એક મસમોટી મીલર-મીક્ષર ટ્રક ચ માર્ગથી સેકટર-૮માં પ્રવેશતા જ વરસાદી ભુવામાં ફસાઈ રોડ પર આડુ પડી ગયું હતું. બનાવને પગલે ટ્રાફિક પોલીસ તાત્કાલીક પહોંચી ગઈ હતી. ટ્રાફિકના નિયમન સાથે વાહન માલિકને બોલાવી વાહન ખસેડવા અને વધુ કંઈ અકસ્માત ના બને તેની કાળજી રાખવા સુચના અપાઈ હતી. જો કે આ બનાવમાં કોઈને ઈજા પહોંચી ન હતી. જયારે ટ્રકને સીધો કરવા માટે ત્રણ ત્રણ ક્રેઈન બોલાવવી પડી હતી. ઉલ્લેખનીય છે કે ટ્રક ડ્રાઈવર સેકટર-૧૦ માં જવા માટે પંકચરના ગલ્લાવાળાને એડ્રેસ પુછી રહ્યો હતો તે સમયે જ ટ્રકના પૈંડા ભુવામાં પડતા ટ્રક ડ્રાઈવરની નજર સામે જ આડો પડી ગયો હતો.

## સેકટર-૩૦ પુલ પરથી નદીમાં યુવતિએ કુદકો માર્યો : ફાયર ટીમે શોધખોળ હાથ ધરી



ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૩૦ મુકિતધામ પાસે આવેલા શખ્સે સેકટર-૩૦ ના પુલ પરથી યુવતિ એ સાબરમતિ નદીમાં મોતની છલાંગ લગાવી દીધી હતી. બનાવની જાણ થતા સ્થાનિક રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. જયારે બનાવ જાણ થતા ૧૦૮ સ્થળ પર દોડી આવી હતી. જયારે ફાયર ટીમના જવાનોએ નદીના પાણીના પ્રવાહમાં સતત ત્રણ કલાલ સુધી શોખખોળ આદરી હતી, પરંતુ યુવતિનો પત્તો ક્યાં લાગ્યો ન હતો.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩૦ ના પુલ પરથી આજે એક અજાણી યુવતિએ સાબરમતિ નદીમાં ઝંપલાવ્યું હતુ.યુવતિ નદીમાં કુદતા જ નાગરીકોના ટોળે ટોળા મોટી સંખ્યામાં એકઠા થયા હતા. જયારે પુલ પરથી યુવતિને કુદકો મારતા એક રાહદારી જોઈ ગયો હતો. રાહદારીએ યુવતિને બુમો પાડીને રોકવાની કોશિશ કરી હતી. પરંતુ અજાણી યુવતિએ ગણતરીના સમયમાં જ મોતની છલાંગ લગાવી હતી. યુવતિ નદીમાં કુદતા જ મોટીસંખ્યામાં પુલ પર રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. જો કે નદીમાં પાણી વધુ હોવાથી યુવતિ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. જયારે બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી. જેની જાણ ફાયર ઓફિસર કે.જે.ગઢવી જવાનો સાથે નદી પર પહોંચી ગયા હતા અને નદીમાં યુવતિની શોધખોળ આદરી હતી. પરંતુ ત્રણ કલાક જેટલો સમય ફાયર જવાનોએ યુવતિની તપાસ હાથ ધરી છે. પરંતુ યુવતિનો પત્તો ક્યાય લાગ્યો ન હતો. જયારે ફાયર ઓફિસર કે.જે.ગઢવીએ જણાવ્યુ હતુ કે સવારે ફાયર વિભાગને કોલ કરીને કોઈ યુવતિ નદી પરથી નીચે કુદી હોવાની જાણ કરી હતી. જેથી ફાયર જવાનોની ટીમે નદીમાં શોધખોળ કરવા છતા તે મળી નથી. નદીમાં ઉંડાખાડા હોવાથી હજુ સુધી યુવતિનો પત્તો લાગ્યો નથી.

# ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કવિસંમેલન (બાળકવિતા) યોજાયું

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને ગુજરાત સાહિત્ય અકાદમી,

ગાંધીનગર,તા.૨૭

શનિવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કવિસંમેલન (બાળકવિતા) યોજાયું. જેમાં ગુજરાતના પ્રસિદ્ધ કવિઓએ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી હતી જેમાં ગાંધીનગરની વિવિધ શાળાઓના એક હજારથી વધુ બાળકો સહભાગી થયાં હતાં. ગુજરાત સાહિત્ય અકાદમીના આર્થિક સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમની પરિકલ્પના અને આયોજન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એ કર્યું હતું. બાળસાહિત્યના ક્ષેત્રમાં આ કાર્યક્રમના આયોજન અનેક રીતે વિશિષ્ટ રહ્યો. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા યોજાયેલી કાવ્યલેખનની રાજ્યવ્યાપી સ્પર્ધાના બે વિજેતા વિદ્યાર્થીઓ કુ. દેશના પંડ્યા અને ખંત પટેલ હતા. બાળકને માટેના આ કાર્યક્રમ વાસ્તવમાં બાળકેન્દ્રી બની રહે તે માટે વિશિષ્ટ પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહીને પ્રાસંગિક પ્રવચન આપીને આ કાર્યક્રમની અગત્ય સમજાવી હતી. કવિ સંમેલનના પ્રારંભે શીઘ્ર કાવ્યરચના પ્રતિયોગિતા યોજાઈ હતા. જેમાં ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૨ એમ બે વિભાગમાં ૬૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૬ થી ૮ના વિભાગમાં પ્રથમ ક્રમે દિવ્યા બાબુભાઈ નાડિયા, દ્વિતીય ક્રમે મનિષા રમેશભાઈ ઓડ અને તૃતીય ક્રમે પ્રિંસ હેમંતભાઈ પરમાર અને ધોરણ ૯ થી ૧૨ ના પ્રથમ ક્રમે અસ્મા એહમદખાન બલોચ, દ્વિતીય ક્રમે ક્રિષ્ના જે. પરમાર અને તૃતીય ક્રમે સ્નેહલ અનિલકુમાર ડાભી વિજેતા થયાં હતાં. આ સ્પર્ધા પછી કવિ સંમેલન શરૂ થયું હતું. જેનું સંચાલન કવિ શ્રે વિનોદ ગાંધીએ કર્યું હતું. કવિ સંમેલનમાં




શ્રી મનોહર ત્રિવેદી, શ્રી કૃષ્ણ દવે, શ્રી જીતેંદ્ર પ્રજાપતિ, શ્રી જિગર જોષી, શ્રી વિનોદ ગાંધી અને કિરીટ ગોસ્વામીએ પોતાની સુપ્રસિદ્ધ રચનાઓ રસપ્રદ રીતે રજૂ કરી હતી. સિવિલ હૉસ્પિટલના વિશાળ ઑડિટોરિયમમાં યોજાયેલા ભવ્ય કવિ સંમેલનને વિદ્યાર્થીઓ, શિક્ષકો, આમંત્રિતો અને સાહિત્ય પ્રેમી જનતાએ રચનાઓને માણી હતી.


## ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

**કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188**

**રજિસ્ટર્ડ ઓફિસ :** જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ **ટેલિ.:** +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦
**ફેક્સઃ** +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, **વેબસાઇટઃ** www.gspcgroup.com **ઇમેઇલઃ** investors.gspl@gspc.in

**૨૪મી (ચોવીસમી) વાર્ષિક સાધારણ સભા અને ઇ-વોટિંગની માહિતીની નોટિસ**

**૧. વીસી/ઓએવીએમ દ્વારા કંપનીની ૨૪મી વાર્ષિક સાધારણ સભા :**

આથી નોટિસ આપવામાં આવે છે કે **ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડ** (''કંપની'')ના શેરધારકોની ૨૪મી (ચોવીસમી) વાર્ષિક સાધારણ સભા (''એજીએમ'') તા.૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરનાં ૩ઃ૦૦ વાગ્યે કંપની કાયદો ૨૦૧૩માં લાગુ પડતી જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાત) નિયમ ૨૦૧૫ ને કોર્પોરેટ બાબતોનાં મંત્રલાય દ્વારા જારી કરાયેલ (''એમસીએ પરિપત્રો'') સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૨૦/૨૦૨૦ તા.૫મી મે,૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૧ તા.૧૩મી જાન્યુઆરી,૨૦૨૧, સામાન્ય પરિપત્ર નં.૨૧/૨૦૨૧ તા.૧૪મી ડિસેમ્બર, ૨૦૨૧ અને સામાન્ય પરિપત્ર નં. ૦૨/૨૦૨૨ તા.૫મી મે,૨૦૨૨ અને સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરાયેલ સેબીનાં પરિપત્ર તા.૧૨મી મે,૨૦૨૦, તા.૧૫મી જાન્યુઆરી,૨૦૨૧ અને તા.૧૩મી મે, ૨૦૨૨ (સેબી પરિપત્રો)ની જોગવાઈનું પાલન કરીને એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ ખાસ અને સાધારણ કામકાજની કાર્યવાહી કરવા માટે વીડીયો કોન્ફરન્સીંગ (''વીસી'') / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો (''ઓએવીએમ'') મારફત યોજવામાં આવશે.

એમસીએ પરિપત્રો અને સેબીના પરિપત્રો અનુસાર જે શેરધારકોનાં ઈ-મેઈલ એડ્રેસ કંપનીના આરએન્ડટીએ/ડીપોઝીટરી પાર્ટિસિપન્ટ્સ પાસે નોંધાયેલા છે, તેઓને ૨૪મી વાર્ષિક સાધારણ સભાની સામાન્ય અને ખાસ કામકાજની નોટિસ, ખુલાસાત્મક નિવેદનો અને નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ ૩૧મી માર્ચ, ૨૦૨૨ નાં રોજ પુરા થતાં નાણાંકિય વર્ષ અંતેના ઓડીટેડ નાણાંકિય પત્રકો (એકલ અને એકીકૃત) (ઓડીટેડ ફાયનાન્શીયલ સ્ટેટમેન્ટ્સ-સ્ટેન્ડએલોને એન્ડ કોન્સોલીડેટેડ) અને તેના પરનો બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ ઓડિટર્સનો અહેવાલ, માત્ર ઈલેક્ટ્રોનિક મોડ મારફત તા. ૨૭મી ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ મોકલેલ છે. એમસીએ પરિપત્રો અને સેબીના ઉપર દર્શાવેલ પરિપત્રો અનુસાર વાર્ષિક સાધારણ સભાની નોટિસની ફીઝીકલ નકલ મોકલવાની જરૂર નથી.

૨૪મી એજીએમ ની નોટિસ અને વાર્ષિક આહેવાલ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને કંપનીના શેર્સ લીસ્ટેડ થયેલ છે તે સ્ટોક એક્ષચેન્જીસ જેવી કે બીએસઇ લિમીટેડ અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડીયા લિમેટેડ ની વેબસાઈટ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત એજીએમ ની નોટિસ સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વીસીસ (ઈન્ડીયા) લિમિટેડ ની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ થશે.

એજીએમની નોટિસમાં સંદર્ભિત તમામ દસ્તાવેજો અને ખુલાસાત્મક નિવેદનો, અગાઉથી વિનંતીના આધારે, ઈલેક્ટ્રોનિક મોડથી તપાસવા માટે ઉપલબ્ધ છે. જ સભ્યો આ દસ્તાવેજો તપાસવા માંગતા હોય તેઓ investors.gspl@gspc.in ઉપર ઈ-મેઈલ મોકલી શકે છે.

**૨. રિમોટ ઇ-વોટિંગ અને એજીએમ દરમ્યાન ઇ-વોટિંગ માટે સુચના :**

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ને સમયાનુસાર સુધારેલ, કંપનીઓના (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રુલ ૨૦૧૪નો નિયમ ૨૦ સાથે વાંચતા અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ઘટસ્ફોટ જરૂરિયાતો) નિયમન ૨૦૧૫ ના નિયમન ૪૪નું પાલન કરીને કંપની તેનાં સભ્યોને એજીએમમાં પ્રસ્તાવમા મુકાયેલ ઠરાવો પસાર કરવા માટે તેમનો મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-વોટીંગ)ની સવલત આપેલ છે. સભ્યો મીટીંગ સિવાયના સ્થળેથી (રીમોટ ઈ-વોટિંગ) ઈલેક્ટ્રોનિક વોટીંગ પધ્ધતિથી પણ તેમનો મત (વોટ) આપી શકશે. ઈ-વોટીંગની સવલત પુરી પાડવા માટે કંપનીએ સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડીયા) લિમિટેડ અથવા ''સીડીએસએલ''સેવા રોકેલ છે.

આ ઉપરાંત એજીએમ વખતે પણ ઈલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા (ઈ-વોટીંગ) કરવાની સવલત પ્રાપ્ત થશે. મીટીંગમાં ભાગ લેતાં સભ્યો કે જેઓએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપેલ નથી તેઓ તેમનો મત એજીએમ વખતે આપી શકશે.

સભ્યો કે જેઓ તેમનાં શેર્સ ડીમટેરીયલાઈઝડ મોડમાં, ફીઝીકલ મોડમાં ધરાવે છે અને જે સભ્યોએ તેમનાં ઈ-મેઈલ અડ્રેસ નોંધાવેલ / અપડેટ કરાવેલ નથી તેઓ રીમોટ ઈ-વોટીંગ / ઈ-વોટીંગ કરવાની રીત એજીએમની નોટિસમાં પુરી પાડેલ છે. સભ્યોએ મીટીંગ સુયોજીત થયા મુજબના ઠરાવો પર ઈલેક્ટ્રોનીક પધ્ધતિથી મતદાન કરવા માટેની વિગતવાર પ્રક્રિયા અને ઈ-વોટીંગ માટેના સુચના ૨૪મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ ના ''નોંધ'' વિભાગમાં આપેલ છે.

**કંપનીઓનો કાયદો, ૨૦૧૩ અને તેના નિયમો અનુસારની જોગવાઇઓની વિગતો નીચે આપેલ છે. :**

- ઈ-વોટીંગનો પ્રારંભની તારીખ અને સમય: સોમવાર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સવારનાં ૦૯:૦૦ (IST)થી
- ઈ-વોટીંગનો અંતની તારીખ અને સમય: બુધવાર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સાંજના ૦૫.૦૦ (IST)
- ઉપર દર્શાવેલ તારીખ અને સમય ઉપરાંત રીમોટ ઈ-વોટીંગ કરવા દેવાશે નહીં
- ઈ-વોટીંગની લાયકાત માટેની કટ-ઓફ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ છે.
- જે વ્યક્તિનું નામ કટ ઓફ તારીખ એટલે કે ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સભ્યોના પત્રક (રજીસ્ટર)માં અથવા લાભકર્તા માલિકના પત્રક (રજીસ્ટર)માં છે તેવા સભ્યોને જે રીમોટ ઈ-વોટીંગ અથવા એજીએમમાં ઈ-વોટીંગની સવલત પ્રાપ્ત કરાવાશે.
- મીટીંગની નોટીસ રવાના કર્યા બાદ કોઈ (એટલે કે ફીઝીકલ શેરધારકો અને ડીમેટ મોડમાં શેર ધરાવતા બિન-વ્યક્તિગત શેરધારકો) વ્યક્તિ સભ્ય બને અને કટ-ઓફ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ શેર ધરાવતા હોય તેમણે યુઝર આઈડી/પાસવર્ડ/જરૂરી માર્ગદર્શન સહિત નોટીસ ભાગરૂપે ની ઈ-વોટીંગની સુચના અનુસરીને સીડીએસએલ પોર્ટલ www.evotingindia.com ઉપરથી મેળવી શકે છે તદ્‌ઉપરાંત helpdesk.eevoting@cdsindia.com ઈ-મેઈલથી વિનંતી કરીને વધુ માર્ગદર્શન મેળવી શકે છે. જો બિન-વ્યક્તિગત શેરધારકો અગાઉથી નોંધાયેલ હોય તો રીમોટ ઈ-વોટીંગથી મત આપવા માટે તેમનાં/તેણીનાં પોતાની હાલના યુઝર આઈડી પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે. ડીમેટ મોડમાં શેર ધરાવનાર વ્યક્તિગત શેરધારકો કે જેઓ મીટીંગની નોટિસ રવાના કર્યા બાદ શેર મેળવે અને કંપનીના સભ્ય બને અને કટ-ઓફ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ શેર ધરાવતા હોય તેઓએ એજીએમની નોટિસમાં દર્શાવેલ પગલાઓ (સ્ટેપ્સ) અનુસરી શકે છે.
- જો સભ્યોએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપી દીધો હોય તેઓ મીટીંગમાં હાજર રહી શકશે પરંતુ બીજીવાર મત આપી શકશે નહિ.
- મીટીંગ વખતે એજીએમ દરમ્યાન ઈ-વોટીંગની સવલત અપાશે અને જે મીટીંગમો હાજર જે સભ્યોએ નોટીસમાં સુચિત કરેલા બધા કે કાઈપણ ઠરાવ પર રીમોટ ઈ-વોટીંગથી મત આપેલ ન હોય તેઓ તેમનો મત મીટીંગ વખતે આપી શકશે.
- ૨૪મી એજીએમની નોટીસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ના ''ઈન્વેસ્ટર'' વિભાગ પર અને સીડીલએલ પોર્ટલના ઈ-વોટીંગ વિભાગ www.evotingindia.com પર પણ મળી શકશે.
- એજીએમ માં હાજરી આપવા બાબતે અને સીડીએસએલ ની વોટિંગની સિસ્ટમ બાબતમા કોઇ પ્રશ્ન / ફરિયાદ હોયતો સભ્યોએ શ્રી રાકેશ દળવી, મેનેજર(સીડીએસએલ), સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડીયા) લિમિટેડ, એ વિંગ, ૨૫ મો માળ, મેરેથોન ફ્યુચ્યુરેક્ષ, મફતલાલ મિલ કંપાઉન્ડ, એન એમ જોષી માર્ગ, લોઅર પરેલ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૩ નો સંપર્ક નક્કી કરેલ ઈ-મેઈલ આઈડી : helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેઈલ કરવો અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ અથવા ટોલ ફ્રિ નંબર : ૧૮૦૦ ૨૨ ૫૫૩૩ પર ફોનથી સંપર્ક કરવો.
- ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો માટે લોગીન ને લગતા કોઈપણ ટેક્નીકલ મુદ્દા બાબતે **સીડીએસએલ** અને **એનએસડીએલ** દ્વારા હેલ્પ ડેસ્ક :

| લોગીનનો પ્રકાર | હેલ્પ ડેસ્ક વિગત |
|---|---|
| **સીડીએસએલ** પાસે ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો | લોગીન ને લગતો ટેક્નીકલ મુદ્દા બાબતે સભ્યો **સીડીએસએલ** હેલ્પ ડેસ્ક helpdesk.evoting@cdslindia.com ઉપર વિનંતી કરીને સંપર્ક કરી શકશે અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮ અને૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩અથવા ટોલફ્રી નં. ૧૮૦૦ ૨૨૫૫૩૩ પર ફોનથી સંપર્ક કરવો. |
| **એનએસડીએલ** પાસે ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો | લોગીન ને લગતો ટેક્નીકલ મુદ્દા બાબતે સભ્યો **એનએસડીએલ** હેલ્પ ડેસ્ક evoting@nsdl.co.in ઉપર વિનંતી કરીને સંપર્ક કરી શકશે અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ પર ફોનથી સંપર્ક કરવો. |

**૩. ઈ-મેઈલ આઇડી / મોબાઇલ નંબર અને બેન્ક મેન્ડેટ્સ / નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :**

**ઈ-મેઈલ આઇડી / મોબાઇલ નંબર નોંધવવાની / અપડેટ કરાવવાની રીત :**

- **ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓ કે જેઓએ તેમનાં ઈ-મેઈલ આઈડી / મોબાઈલ નંબર કંપની પાસે નોંધાવેલ નથી તેઓ KFin Technologies Limited (“KFintech”) ને ફોર્મ ISR–1 મોકલીને અથવા આ ફોર્મ ઈ-સાઈન કરીને તેને einward.ris@kfintech.com. પર ઈ-મેઈલથી મોકલીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ ISR–1 કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપરથી મેળવી શકાશે.
- **ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓએ પત્રવ્યવહાર મેળવવા માટે તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેઓનાં ઈ-મેઈલ એડ્રેસ અને લોગિન ઓળખપત્ર મેળવવા માટે મોબાઈલ નંબર અપડેટ કરાવવા વિનંતી.

**બેન્ક મેન્ડેટ નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :**

- **ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓ કે જેઓએ ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સર્વીસ અથવા અન્ય કોઈ માધ્યમ (''ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટ'') દ્વારા તેમનાં બેન્ક ખાતામાં ડિવીડન્ડ મેળવવા માટે બેન્ક મેન્ડેટ અપડેટ કરાવેલ નથી, તેઓ સીધા જ તેમનાં બેન્ક ખાતામાં ઈલેક્ટ્રોનીકલી ડિવીડન્ડ મેળવવા માટે તેમની વિગતો જેવી કે બેન્ક અને તેની શાખાનું નામ, બેન્ક ખાતા નંબર, IFS કોડ KFin Technologies Limited (“KFintech”) ને ફોર્મ ISR–1 માં મોકલીને અથવા આ ફોર્મ ઈ-સાઈન કરીને તેને einward.ris@kfintech.com. પર ઈ-મેઈલથી મોકલીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ ISR–1 કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપરથી મેળવી શકાશે.
- **ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેમની ઈલેક્ટ્રોનિક બેંક મેન્ટેડ અપડેટ કરાવી લેવા વિનંતી

**૪. ડીપોઝીટરી પાર્ટિસીપન્ટ પાસે મોબાઈલ નંબર રજીસ્ટર કરાવવાની રીતઃ**

- **બિન-વ્યક્તિગત શેરધારકો માટેઃ** આપનો મોબઈલ નંબર જે તે ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે રજીસ્ટર કરાવવા વિનંતી.
- **ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા વ્યક્તિગત શેરધારકો માટેઃ** લોગીન ઓળખપત્રો (ક્રીડેન્શીયલ્સ) મેળવવા માટે ફરઝિયાત હોવાથી આપનો મોબાઈલ નંબર જે તે ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે જ રજીસ્ટર કરાવવા વિનંતી.

**૫. ડીવીડન્ડની રેકોર્ડ તારીખ અને એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :**

આથી સુચિત કરવામાં આવે છે કે સીબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાતો) નિયમન ૨૦૧૫ના નિયમન ૪૨ને અનુસરીને કંપનીએ ૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષ માટે શેરદીઠ રૂ. ૨.૦૦ (એટલે કે ૨૦%) ડીવીડન્ડની ઉમેદવાર નક્કી કરવા માટેની રેકોર્ડ તારીખ તરીકે શુક્રવાર ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૨ નક્કી રાખેલ છે.

આગામી એજીએમમાં જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો, કંપનીનાં જે સભ્યોનાં નામ (અ) શુક્રવાર ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કામકાજ પુરા થયા બાદ ડીપોઝીટરીએ કંપનીને આપેલ લાભકર્તા માલિકની યાદીમાં છે તેવા ઈલેક્ટ્રોનિક ફોર્મમાં શેર ધરાવતા સભ્યો અને (બ) શુક્રવાર ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કંપનીના સભ્યોના પત્રક (રજીસ્ટર)માં છે તેએને શુક્રવાર ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કામકાજ પુરા થયા બાદ સુધી ફીજીકલ ફોર્મમાં મળેલ શેર ટ્રાન્સફરની અસર અપાઈ ગયા બાદ તા. ૨૧મી ઓકટોબર, ૨૦૨૨ના રોજ કે તે અગાઉ ડીવીડન્ડ ચુકવાશે.

- **એજીએમ વખતે ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :**
  ૨૪મી એજીએમમાં જો શેરધારકો દ્વારા ડીવીડન્ડ મંજૂર કરવામાં આવેતો જે શેરધારકોએ તેમની બેંકની માહિત અપડેટ કરેલ છે તેઓને ઈલેક્ટ્રોનીક મોડ મારફતે ચુકવાશે. જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરાવેલ નથી. તેઓને તેમના રજીસ્ટર્ડ સરનામે ડીવીડન્ડ વોરંટ/ડીમાડ ડ્રાફ્ટ પોસ્ટલ સેવાઓ ઉપલબ્ધતાને આધીન રહીને મોકલાશે.
  ડીવીડન્ડ મેળવવામાં મોડું થતું અટકાવવાં માટે અને ચુકવણીની તારીખે જ પોતાનાં બેંક ખાતામાં મેળવવા માટે, ઉપરાનાં ફકરા ૩માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેંકની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

**ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી**
**સહી**
**રાજેશ્વરી શર્મા**
**કંપની સેક્રેટરી**

**તારીખ : ૨૭મી ઓગસ્ટ, ૨૦૨૨**
**સ્થળ : ગાંધીનગર**